GJPM020000162023

Presented on : 02-01-2023
Registered on : 02-01-2023
Decided on : 09-04-2026
Duration : 3Y.3 M.7 D.

**આંક–૩૧**

**પંચમહાલ જિલ્લાના મે. પ્રિન્સીપાલ સીની. સિવીલ જજ અને એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા, મુ. ગોધરા.**

**ધર્મેશ સી. જાની**
**પ્રિન્સીપાલ સીની. સિવીલ જજ અને**
**એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, ગોધરા.**

**જજમેન્ટ તા.૯/૪/૨૦૨૬**

**ક્રિમીનલ કેસ નં. ૧૬/૨૦૨૩**

**ગોધરા શહેર એ ડીવી.પો.સ્ટે. ૧૧૨૦૭૦૨૫૨૨૦૬૬૮/૨૨**
**ઇ.પી.કો. કલમ ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨) મુજબ**

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| REPRESENTED BY | વિ. એ. પી. પી. શ્રી વી. એલ. ડામોર |
| આરોપી | નૌસાદ ઉર્ફે ખાલીદ યાકુબભાઇ કમલી<br>ઉ.વ.–૪૯,<br>રહે. ગોધરા, બેઠક મંદિર રક્ષણ રોડ, તા. ગોધરા, જિ. પંચમહાલ |
| REPRESENTED BY | આરોપીતરફે વિ.વ. શ્રી એમ.એ.કોલા |

## FORM–B

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૨/૧૦/૨૨ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૩/૧૦/૨૨ |
| ચાર્જશીટની તારીખ | ૨/૧/૨૩ |
| ચાર્જની તારીખ | ૨/૩/૨૩ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૨/૫/૨૩ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે | ૯/૪/૨૬ |

-

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૯/૪/૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો | – |

## Accused Details

| Rank of the Acc-used | Name of Accu-sed | Date of Arrest | Date of Release on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Deten-tion Under-gone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | નૌસાદ ઉર્ફે ખાલીદ યાકુબભાઇ કમલી | ૧૯/૧૧/૨૨ | ૧૯/૧૧/૨૨ | ઇ.પી.કો. કલમ ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨) મુજબ | નિર્દોષ | – | – |

**–:: જજમેન્ટ::–**

૧. આ કેસના ફરીયાદની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૧૦/૨૨ ના કલાક ૧૩–૦૦ વાગે મોજે ગોધરા ભુરાવાવ પાવર હાઉસ ખાતે એમ.જી.વી.સી.એલ.માં ફરીયાદીની ઓફીસમાં આવી આરોપીએ પોતાના ભાઇ મેહબુબ યાકુબ કમલીનાઓ સને ૨૦૧૯ ની સાલમાં વિજ ચોરી કરતા પકડાયેલ જેના નાણાં વસુલ કરવા માટેની ફરીયાદીએ નોટીસ આપતા આરોપી ફરીયાદીની ઓફીસે આવી ફરીયાદીને તમો અમારા ભાઇ મેહબુબ યાકુબ કમલીનાઓને વિજચોરીના નાંણા વસુલાત કરવાની ખોટી નોટીસ આપેલ છે આ નોટીસ તમો પાછી ખેંચી લો તેમ કહેતા ફરીયાદીએ આ કામના આરોપીને કહેલ કે નિયમ મુજબ નોટીસ પાઠવેલ છે નોટીસ પાછી ખેંચવાની કોઇ જોગવાઇ નથી તેવુ કહેતાં આ કામના આરોપીએ ફરીયાદીને ગમે તેમ ગાળો બોલી તમો નોટીસ પાછી નહી ખેંચો તો હુ તમોને ગાડી થી ઉડાવી જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપી ફરીયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઉભી કરી નાસી જઇ ઇ.પી.કો.કલમ ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ થતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો

જણાતા અત્રેની અદાલતમા ઉપરોકત ગુન્હા સબબ હાલનુ ચાર્જશીટ દાખલ કરવામા આવેલ છે.

**૨.** સદર કામે આરોપીને અત્રેથી સમન્સની બજવણી બાદ તેઓ કોર્ટમા રૂબરૂ હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૦૭, અન્વયે તેઓને પોલીસ પેપર્સની નકલો આપી તે મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ આરોપી સામે આંક –૫ થી તહોમતનામુ ફરમાવી આંક –૬ થી નિવેદન લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારૂ રાખવામા આવેલ છે.

FORM–C

LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESS

A. Prosecution

| **Rank** | **Exhibit** | **Name** | **Nature of evidence** |
|---|---|---|---|
| PW-1 | ૭ | દીલીપકુમાર અર્જુનસિંહ સોલંકી | પંચસાહેદ |
| PW-2 | ૯ | સરફરાજ મોહંમદ સુરતી | ફરીયાદી |
| PW-3 | ૧૫ | તાવીયાડ લક્ષ્મણભાઈ કલજીભાઈ | સાહેદ |
| PW-4 | ૧૬ | નીરુબેન નટવરસિંહ ડાભી | સાહેદ |
| PW-5 | ૧૭ | પંચાલ વિજયકુમાર સોમેશ્વરભાઈ | સાહેદ |
| PW-6 | ૧૮ | હાર્દીકભાઈ દિનેશભાઈ પટેલ | સાહેદ |
| PW-7 | ૧૯ | દીનેશકુમાર હીરાભાઈ રાઠોડ | સાહેદ |
| PW-8 | ૨૦ | રવિકુમાર સોમદત શર્મા | સાહેદ |
| PW-9 | ૨૧ | નીતીનભાઈ નરસીભાઈ વણપરિયા | સાહેદ |
| PW-10 | ૨૪ | કુલદીપસિંહ પ્રતાપસિંહ ઝાલા | ત.ક.અ. |

B. Defence Witnesses, if any:

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| – | –Nill– | – |

C. Court Witnesses, if any:

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, |
|---|---|---|

-

| | | |
|---|---|---|
| | | POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
| – | –Nill– | – |

## LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS

A. Prosecution:

| Sr.No. | Exhibit Number | Description |
|---|---|---|
| ૧ | ૮ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૧૦ | ફરીયાદ |
| ૩ | ૧૧ | પોલીસ ફરીયાદ નોંધવા બાબતનો પત્ર |
| ૪ | ૧૨ | રોજકામ |
| ૫ | ૧૩ | નોટીસ |
| ૬ | ૧૪ | આરોપીનો ફોટો |

B. Defence

| Sr.No. | Exhibit Number | Description |
|---|---|---|
| – | –Nill– | – |

C. Court

| Sr.No. | Exhibit Number | Description |
|---|---|---|
| – | –Nill– | – |

D. Material Objects:

| Sr.No. | Material Object Number | Description |
|---|---|---|
| – | –Nill– | – |

**3.** ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રીની મૌખીક વિનંતીથી પુરાવો પુરો થાયનુ જણાવતા ફરીયાદપક્ષનો પુરાવો પુરો કરવામા આવેલ છે.

**૪.** સદરહુ કામે ફરીયાદપક્ષે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઇ પુરાવો રજુ થયેલ નથી. ફરીયાદપક્ષના પુરાવાને ધ્યાને લેતા, આ કામના આરોપીઓનુ ક્રિ.પ્રો.કોડની કલમ – ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે. જેમા તેઓએ ફરીયાદપક્ષના પુરાવાનો ઇન્કાર કરેલ છે અને તેઓને સોગંદ ઉપર જુબાની આપવી નથી, બચાવના સાહેદ તપાસવા નથી અને વિશેષમા તેઓએ આવી કોઇ

ગેરરીતી આચરેલ નથી કે કોઇ ગુનો કરેલ નથી તેમ છતાં ખોટી ફરીયાદના આધારે ખોટી તપાસ કરી તેઓને ખોટી રીતે આરોપી બનાવેલ હોય તેઓ વિરૂધ્ધ કોઇ પુરાવો ન હોય ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ છે, તેઓ તદન નિર્દોષ હોય નિર્દોષ છોડવા અરજ કરેલ છે.

૫. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી એ દલીલ કરી જણાવેલ છે કે, આરોપી સામે ત્હોમતનામુ ફરમાવી, આરોપીનુ નિવેદન લેવામા આવતા તેઓને તેમની સામે આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરેલ હોય જેથી હાલના કેસની કાર્યવાહી આગળ ચલાવેલ છે. આ કામે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

૬. જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી એ દલીલ કરી જણાવેલ છે કે, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૯૫ પરત્વે ધ્યાન કેન્દ્રીત કરી ભારપુર્વકની એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીની સામે દાખલ કરવામાં આવેલ કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૩ મુજબના ચાર્જશીટના આધારે નામદાર અદાલતે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૬ ના ગુનાનુ સંજ્ઞાન લીધેલ છે અને તે રીતેના તહોમતનામું પણ ફરમાવેલ હોય, તેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨–ડી મુજબની આ કામમાં કોઇ ફરીયાદ ના હોય, હાલની કાર્યવાહી પહેલે થી જ ચાલવાને પાત્ર ના હોય, તેવા સંજોગોમાં આરોપીને તેનો લાભ આપવા માંગણી કરેલ છે અને આરોપીને છોડી મુકવા અરજ કરેલ છે. તેઓએ તેમની દલીલોના **સમર્થનમાં રામજી ભીખા વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૧૯૯૯(૨)જીસીડી ૧૦૬૪(ગુજરાત) તથા નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડીયા, સી. મુનીયાપન વિ. સ્ટેટ ઓફ તમિલનાડુ વિથ ડો. રાજેન્દ્ર વિ. સ્ટેટ ઓફ તમિલનાડુ, ૨૦૨૧૦(૦)એઆઈજેઇએલ–એસસી–૪૮૭૫૭ ના** ચુકાદાઓ રજુ કરેલ છે જે માનસહ વંચાણે લીધેલ.

**૭.** આ કામે હાલના કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

**<u>-:: મુદ્દા ::-</u>**

(૧) શું હાલના કેસની ફરીયાદને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૧૯૫(૧)(ક)(૧) નો બાધ નડે છે ?

(૨) શું હુકમ ?

**૮.** ઉપરોકત મુદ્દાઓ પરત્ત્વેના અત્રેની અદાલતના નિર્ણય નીચે મુજબ છે.

**<u>-::મુદ્દાના નિર્ણયો ::-</u>**

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**૯.** આ કામે ઉપરોકત મુદ્દાઓ અંગેના નિર્ણયો અંગેના મારા ન્યાયીક કારણો નીચે મુજબ છે.

**<u>-:: કારણો અને તેના તારણો ::-</u>**

**૧૦. <u>મુદ્દા નં. ૧ ની ચર્ચા :-</u>**

ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહીતી મુજબ જ સાચું જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરુધ્ધની હકીકતો સાબીત કરવામાં આવે, જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ન આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. " પુરાવાનું મુલ્યાંકન" શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યા બધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો ઉપર આધારીત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા પ્રસ્તૃત કરવામાં

આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલા નથી. કારણ કે,દરેક કેસની હકીકતો પુરાવો આજુબાજુના પરિબળો તે તમામે તમામ હકીકતો ભીન્ન ભીન્ન પ્રકારનો હોય છે.

**૧૦.૧** પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને ના સાબિતની વ્યાખ્યા પર આધારીત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

**૧૦.૨** ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો ક્યારેય આરોપી ઉપર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદનો લાભ લેવા માંગતા હોય તો પણતેમણે પુરાવાના કાયદાની કલમ ૧૦૫ મુજબ સંભવીતતા દર્શાવવાની રહે છે. આરોપીએ અપવાદ માટેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

**<u>ફરીયાદી તથા સાહેદોનો પુરાવો :–</u>**

**૧૧.** ફરીયાદ પક્ષે પંચ, દીલીપકુમાર અર્જુનસિંહ સોલંકી તેમના આંક–૭ ના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે તા. ૨/૧૧/૨૨ ના રોજ પોલીસે તેમને ભુરાવાવ વિસ્તારમાં આવેલ પાવરહાઉસ ખાતે બોલાવેલ અને જયાં એમ.જી.વી.સી.એલ. પશ્રિમ વિભાગની ઓફીસ આવેલ છે અને તે દિવસે તેઓ ઈલેકટ્રીક આસી. તરીકે હાજર હતા.

જયાં નાયબ ઈજનેર સુરતી સાહેબ સાથે એક અમલી નામના ઈસમે તકરાર કરેલી અને જે જગ્યાનું પંચનામું કરી પોલીસે તેમની સહી લીધેલી. પંચનામું આ કામે આંક-૮ થી રજુ છે.

આરોપી પક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામા સહી કરેલી બનાવ અંગે તેઓને કોઈ જાત માહીતી નથી.

**૧૨.** ફરીયાદ પક્ષે ફરીયાદી સરફરાજ મોહંમદ સુરતીના આંક-૯ ના પુરાવા મુજબ તેઓ છેલ્લા સોળ વરસથી એમ. જી. વી. સી. એલ મા ફરજ બજાવે છે અને હાલ ભુરાવાવ પાવર હાઉસ કંમ્પાઉન્ડમાં તેમની ઓફીસમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવે છે. તા. ૧૨.૧૦.૨૦૨૨ ના રોજ તેઓ તેમની ઓફીસે ફરજ પર હાજર હતા. તેમની સાથે તેમના સ્ટાફના વિજયભાઈ, લક્ષ્મણભાઈ તાવીયાડ એ રીતેના હાજર હતા તે વખતે બપોરના એક વાગ્યના સમયે ખાલીદ યાકુબ કમલીનાઓ તેમની પાસે આવેલ અને જણાવેલ કે અમોને આ નોટીસ ખોટી આપેલ છે અને જો નોટીસ પરત લઈ લો. જેથી તેઓએ જણાવેલ કે તમારા વિજચોરીના નાણા બાકી છે તે નિયમ મુજબ ભરવા પડશે. જેથી આરોપીએ આ નોટીસ પરત નહી ખેંચો તો ગાડી થી ઉડાવી દઈશ અને ગાળાગાળી કરેલ અને મીડીયાવાળાને અહીંયા બોલાવુ છું તેમ કહી ધમકી આપેલ. આ બનાવ સમયે ઓફીસના કર્મચારી ભેગા થઈ ગયેલ તે સમયે આ કામના આરોપી બોલતા બોલતા જતા રહેલ. આ બનાવ સંબંધે તેઓએ એ ડીવી. પો. સ્ટે મા ફરીયાદ આપેલ. ફરીયાદ સાથે આ બનાવ સંબંધનો રોજકામ કરેલ તેમજ તેમા સહીઓ મેળવેલ. વીજ ચોરીની ફરીયાદ તથા આરોપીનો ફોટો ફરિયાદ સાથે આપેલ. જે ફરીયાદ તથા તેને લગત આપેલ દસ્તાવેજો રજુ દાખલ આંક અનુક્રમે ૧૦ થી ૧૪ સુધી રજુ કરેલ છે. આરોપીને ઓળખે છે.

આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલેલ છે કે, તેમની સમક્ષ કોઈ ગ્રાહક રજુઆત માટે આવે તો તે સાંભળવાની તેમની ફરજ છે, તેઓ તેમની અલાયદી ચેમ્બરમાં બેઠેલ હતા, તેઓ તેમનુ

દફતર ચેક કરતા હતા, અને આરોપીએ તેમના ચોપડા કે તેમનુ ફેટ પકડી લીધેલ હોય અને ફરજ બજાવતા અટકાવેલ હોય તેવુ બનેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ દાખલ કરતા પહેલા સક્ષમ અધીકારી પરવાનગી લીધેલ નથી,તેઓએ ફરીયાદ દાખલ કરતા પહેલા કોર્ટની પરવાનગી લીધેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદવાળો બનાવ તા. ૧૨.૧૦.૨૦૨૨ ના ૧૩:૦૦ કલાક નો છે અને તેમની કચેરીથી એ ડીવી. પો. સ્ટે નો રસ્તો દસ મીનીટ ના અંતરે આવેલ છે, તેઓએ તા. ૧૨.૧૦.૨૦૨૨ નારોજ કોઇ ફરીયાદ આપેલ નથી. અન્ય હકીકતોનો ઇન્કાર કરેલ છે.

**૧૩.** ફરીયાદ પક્ષે સાહેદ તાવીયાડ લક્ષ્મણભાઇ કલજીભાઇના આંક–૧૫ ના પુરાવા મુજબ તેઓ છેલ્લા બે વરસથી એમ.જી.વી.સી. એલમા સીની. આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. હાલ ભુરાવાવ પાવર હાઉસ કંમ્પાઉન્ડમાં તેમની ઓફીસમાં સીની. આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. તા. ૧૨.૧૦.૨૦૨૨ ના રોજ તેઓ તેમની ઓફીસે તેમની ફરજ પર હાજર હતા. તેમની સાથે તેમના સ્ટાફના વિજયભાઇ, લક્ષ્મણભાઇ તાવીયાડ એ રીતેના હાજર હતા તે વખતે બપોરના એક વાગ્યના સમયે ખાલીદ યાકુબ કમલીનાઓ તેમના નાયબ ઇજનેર સરફરાજ પાસે આવેલ અને જણાવેલ કે તેઓને આ નોટીસ ખોટી આપેલ છે અને જો નોટીસ પરત લઇ લો. જેથી તેમના સાહેબે સરફરાજનાઓએ જણાવેલ કે તમારા વિજચોરીના નાણા બાકી છે તે નિયમ મુજબ ભરવા પડશે. જેથી આરોપીએ આ નોટીસ પરત નહી ખેંચો તો ગાડી થી ઉડાવી દઇશ અને ગાળાગાળી કરેલ અને મીડીયાવાળાને અહીંયા બોલાવુ છું તેમ કહી ધમકી આપેલ. આ બનાવ સમયે તેમની ઓફીસના કર્મચારી ભેગા થઇ ગયેલ તે સમયે આ કામના આરોપી બોલતા બોલતા જતા રહેલ. આ બનાવ સંબંધે સરફરાજભાઇએ રોજકામ કરેલ જે રોજકામમાં તેમની સહી છે. જે ઓળખી બતાવેલ છે. આ બનાવ સંબંધે નાયબ ઇજનેર સરફરાજભાઇને

ગોધરા ટાઉન એ ડીવી. પો. સ્ટે મા ફરીયાદ આપેલ. ફરીયાદ થતા ત. ક. અ. શ્રી એ તેમનુ નિવેદન લીધેલ. આરોપીને તેઓ ઓળખે છે.

આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓ બનાવના દિવસે ઓફીસમા હતા તેઓ સીની. આસીસ્ટન્ટના હોદ્ધા પર ફરજ બજાવે છે. તેમનુ ટેબલ ફરીયાદીના ચેમ્બરની બહાર આવેલ છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે પોલીસને ફોન કરીને બોલાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સાહેદો જી. ઈ. બી. ના સ્ટાફના માણસો છે. અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

**૧૪.** ફરીયાદ પક્ષે સાહેદ નીરુબેન નટવરસિંહ ડાભીના આંક–૧૬ ની જુબાની મુજબ તેઓ છેલ્લા બે વરસથી એમ. જી. વી. સી. એલ મા પટ્ટાવાળા તરીકે ફરજ બજાવે છે. હાલ ભુરાવાવ પાવર હાઉસ કંમ્પાઉન્ડમાં તેમની ઓફીસમાં પટ્ટાવાળા તરીકે ફરજ બજાવે છે. તા. ૧૨.૧૦.૨૦૨૨ ના રોજ તેઓ તેમની ઓફીસે તેમની ફરજ પર હાજર હતા. તેમની સાથે તેમના સ્ટાફના વિજયભાઈ, લક્ષ્મણભાઈ તાવીયાડ એ રીતેના હાજર હતા તે વખતે બપોરના એક વાગ્યના સમયે ખાલીદ યાકુબ કમલીનાઓ તેમના નાયબ ઈજનેર સરફરાજ પાસે આવેલ અને જણાવેલ કે અમોને આ નોટીસ ખોટી આપેલ છે અને જો નોટીસ પરત લઈ લો. જેથી તેમના સાહેબે સરફરાજના ઓએ જણાવેલ કે તમારા વિજચોરીના નાણા બાકી છે તે નિયમ મુજબ ભરવા પડશે. જેથી આરોપીએ આ નોટીસ પરત નહી ખેંચો તો ગાડી થી ઉડાવી દઈશ અને ગાળાગાળી કરેલ અને મીડીયાવાળાને અહીંયા બોલાવુ છું તેમ કહી ધમકી આપેલ. આ બનાવ સમયે તેમની ઓફીસના કર્મચારી ભેગા થઈ ગયેલ તે સમયે આ કામના આરોપી બોલતા બોલતા જતા રહેલ. આ બનાવ સંબંધે નાયબ ઈજનેર સરફરાજભાઈને ગોધરા ટાઉન એ ડીવી. પો. સ્ટે મા ફરીયાદ આપેલ. ફરીયાદ થતા ત. ક. અ. શ્રી એ તેમનુ નિવેદન લીધેલ. આરોપીને તેઓ ઓળખે છે.

આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેણી બનાવના દિવસે ઓફીસમા હતી, તેઓ પટ્ટાવાળાના હોદ્ધા પર

ફરજ બજાવે છે અને તેમનુ ટેબલ ફરીયાદીના ચેમ્બરની બહાર આવેલ છે અને બનાવ સમયે પોલીસ ને ફોન કરીને બોલાવેલ નથી અને સાહેદો જી. ઈ. બી. ના સ્ટાફના માણસો છે. અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

**૧૫.** ફરીયાદ પક્ષે સાહેદ, પંચાલ વિજયકુમાર સોમેશ્વરભાઈ ના આંક–૧૭ તથા સાહેદ હાર્દીકભાઈ દીનેશભાઈ પટેલના આંક–૧૮ ના પુરાવા મુજબ તેઓ છેલ્લા બે વરસથી એમ. જી. વી. સી. એલ મા આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે અને હાલ ભુરાવાવ પાવર હાઉસ કંમ્પાઉન્ડમાં તેમની ઓફીસમાં સીની. આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. તા. ૧૨.૧૦.૨૦૨૨ ના રોજ તેઓ તેમની ઓફીસે ફરજ પર હાજર હતા. તેમની સાથે તેમના સ્ટાફના દિનેશભાઈ, દિનેશભાઈ એ રીતેના હાજર હતા તે વખતે બપોરના એક વાગ્યના સમયે ખાલીદ યાકુબ કમલીનાઓ તેમના નાયબ ઈજનેર સરફરાજ પાસે આવેલ અને જણાવેલ કે અમોને આ નોટીસ ખોટી આપેલ છે અને જો નોટીસ પરત લઈ લો. જેથી તેમના સાહેબે સરફરાજના ઓએ જણાવેલ કે તમારા વિજચોરીના નાણા બાકી છે તે નિયમ મુજબ ભરવા પડશે. જેથી આરોપીએ આ નોટીસ પરત નહી ખેંચોતો ગાડી થી ઉડાવી દઈશ અને ગાળાગાળી કરેલ અને મીડીયાવાળાને અહીંયા બોલાવુ છું તેમ કહી ધમકી આપેલ. આ બનાવ સમયે ઓફીસના કર્મચારી ભેગા થઈ ગયેલ તે સમયે આ કામના આરોપી બોલતા બોલતા જતા રહેલ. આ બનાવ સંબંધે સરફરાજભાઈએ રોજકામ કરેલ જે રોજકામમાં તેમની સહી ઓળખી બતાવેલ છે અને આ બનાવ સંબંધે નાયબ ઈજનેર સરફરાજભાઈને ગોધરા ટાઉન એ ડીવી. પો. સ્ટે મા ફરીયાદ આપેલ. ફરીયાદ થતા ત. ક. અ. શ્રી એ તેમનુ નિવેદન લીધેલ. આરોપીને ઓળખે છે.

આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓ બનાવના દિવસે ઓફીસમા હતા અને તેઓ સીની. આસીસ્ટન્ટના હોદ્દા પર ફરજ બજાવે છે તેમનુ ટેબલ ફરીયાદીના ચેમ્બરની બહાર

આવેલ છે અને બનાવ સમયે પોલીસ ને ફોન કરીને બોલાવેલ નથી અને સાહેદો જી. ઇ. બી. ના સ્ટાફના માણસો છે.

**૧૬.** ફરીયાદ પક્ષે દીનેશભાઈ હીરાભાઈ રાઠોડના આંક–૧૯ ના પુરાવા મુજબ સને ૨૦૨૨ ની સાલમાં ગોધરા એ ડીવી. પો. સ્ટે માં પી. એસ. આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ભુરાવાવ પોલીસ ચોકી ઉપર ફરજ બજાવતા પી. એસ. આઈ. કે. પી. ઝાલાનાઓની બદલી થતા તેઓ પાસેની પેન્ડીંગ તપાસ અર્થે ગોધરા એ ડીવી બી પાર્ટ ૬૬૮/૨૦૨૨ ઈ. પી. કો કલમ ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨) મુજબની તપાસ ચાર્જ માં મળેલ. તપાસના કાગળો વંચાણે લેતા બનાવ એમ. જી. વી. સી. એલ ની ઓફીસમાં તા. ૧૨.૧૦.૨૦૨૨ ના કલાક ૧૩:૦૦ વાગે બનેલ જેમા આરોપી ખાલીદ યાકુબ કમલીનાઓ એ એમ. જી. વી. એસ. એલ ના એન્જીનીયરશ્રી શરફરાજ મોહમદ સુરતીનાઓ સાથે પોતાના ભાઈ મહેબુબભાઈએ સને ૨૦૧૯ ની સાલમાં વીજ ચોરી ના કેસમાં પકડાયેલ જેના નાંણા ભરવા સારુ નોટીસ આપેલ તે નોટીસ બાબતે તકરાર કરતા ઉપરોકત ગુનો દાખલ થયેલ. ઉપરોકત ગુનાના કામે બનાવ અંગે નુ પંચનામુ કરી તથા લાગત સાહેદો ના નિવેદનો લઈ આરોપીની અટક કરેલ. આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. આરોપીને જોયેથી ઓળખે છે.

આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલેલ છે કે, સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી, બનાવ તારીખ ૧૨.૧૦.૨૦૨૨ નો છે અને તા. ૧૩.૧૦.૨૦૨૨ ના રોજ ફરીયાદ આપેલ છે અને ફરીયાદીએ ફરીયાદ કરતા પહેલા પરવાનગી મેળવેલ નથી અને જે બીલ અંગેની તકરાર લીધેલ છે તે આરોપીના નામનુ નથી પરંતુ આરોપી ના ભાઈના નામનુ છે અને આરોપી એસ. ટી. નિગમનો કર્મચારી છે.

**૧૭.** ફરીયાદ પક્ષે સાહેદ રવિકુમાર સોમદત શર્માના આંક–૨૦ ની જુબાની મુજબ તા. ૧૨.૧૦.૨૦૨૨ ના રોજ ગોધરા એમ. જી. વી. સી.

એલ. ખાતે પશ્ચીમ ડીવીઝનમાં ફરજ પર હતા તે સમયે મહેબુબ યાકુબના ભાઇ ખાલીદ દ્વારા ઓફીસમાં આવી મહેબુબભાઇને મળેલ વીજ નાંણા ભરવાની નોટીસ આપવામાં આવેલ તે ખોટી આપેલ છે તેમ જણાવતા તે બાબતે તેમના અધિકારી સરફરાજ મોહંમદ સુરતી કે જે નાયબ ઇજનેર હોય તેઓએ ખાલીદભાઇને જણાવેલ આપેલ નોટીસ નિયમ મુજબની છે અને પાછી ખેંચી શકાય  તેવી જોગવાઇ નથી. તે બાબતે સાહેબ જોડે ખાલીદભાઇએ બોલાચાલી કરેલી અને મારી નાંખવાની ધમકી આપેલ. ત્યારબાદ અન્ય સ્ટાફ આવી જતા આરોપી જતા રહ્યા હતા. આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે અને પોલીસે તેમની પુછપરછ કરેલી.

આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,  તેમની ઓફીસ મોટી છે અને સાહેબ ની ચેમ્બર અલગ આવેલ છે અને કોઇ ગ્રાહક બીલના નાણા બાબતે રજુઆત કરવા આવે તો  તેમને નમ્રતાપુર્વક સાંભળવા પડે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ખાલીદભાઇ રજુઆત કરતા હતા તે સમયે તેઓ તેમનુ કામ કરી રહેલ હતા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ખાલીદભાઇની રજુઆત તેમના સાહેબે લેવાના સ્થાને તેમના પટ્ટાવાળા સાથે ટપાલ વિભાગમાં મોકલી આપેલ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ત્યારબાદ તેઓ તથા તેમના સાહેબ તેમના કામે લાગી ગયેલ અને ખાલીદભાઇ જતા રહેલ. અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

૧૮. ફરીયાદ પક્ષે સાહેદ નીતીનભાઇ નરસીભાઇ વણપરિયાની આંક–૨૧ ની જુબાની મુજબ તા. ૧૨.૧૦.૨૦૨૨ ના રોજ ગોધરા એમ. જી. વી. સી. એલ. ખાતે પશ્ચીમ ડીવીઝનમાં ફરજ પર હતા તે સમયે મહેબુબ યાકુબના ભાઇ ખાલીદ દ્વારા ઓફીસમાં આવી મહેબુબભાઇને મળેલ વીજ નાંણા ભરવાની નોટીસ આપવામાં આવેલ તે ખોટી આપેલ છે તેમ જણાવતા તે બાબતે તેમના અધિકારી સરફરાજ મોહંમદ સુરતી કે જે નાયબ ઇજનેર હોય તેઓએ ખાલીદભાઇને જણાવેલ આપેલ નોટીસ નિયમ મુજબની છે અને પાછી ખેંચી શકાય

તેવી જોગવાઇ નથી. તે બાબતે સાહેબ જોડે ખાલીદભાઇએ બોલાચાલી કરેલી અને મારી નાંખવાની ધમકી આપેલ. ત્યારબાદ અન્ય સ્ટાફ આવી જતા આરોપી જતા રહ્યા હતા. આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે અને પોલીસે તેમની પુછપરછ કરેલી.

આરોપી પક્ષે લેવામા આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,તેમની ઓફીસ મોટી છે અને સાહેબ ની ચેમ્બર અલગ આવેલ છે અને કોઇ ગ્રાહક બીલના નાણા બાબતે રજુઆત કરવા આવે તો તેઓને તેમને નમ્રતાપુર્વક સાંભળવા પડે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ખાલીદભાઇ રજુઆત કરતા હતા તે સમયે તેઓ તેમનુ કામ કરી રહેલ હતા અને ખાલીદભાઇની રજુઆત તેમના સાહેબે લેવાના સ્થાને તેમના પટ્ટાવાળા સાથે ટપાલ વિભાગમાં મોકલી આપેલ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ત્યારબાદ તેઓ તથા તેમના સાહેબ તેમના કામે લાગી ગયેલ અને ખાલીદભાઇ જતા રહેલ. અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

૧૯. ફરીયાદ પક્ષે આંક–૨૪ થી ત.ક.અ. કુલદીપસિંહ પ્રતાપસિંહ ઝાલાના પુરાવા મુજબ તા. ૧૨.૧૦.૨૦૨૨ ના દરમ્યાન ગોધરા ટાઉન એ ડીવિ.પો. સ્ટે. મા પો. સ.ઈ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ફરીયાદી સરફરાજ મોહંમદ સુરતીનાઓએ તેઓની ફરીયાદ પી. એસ. ઓ. સમક્ષ જાહેર કરતા પી. એસ. ઓ. શ્રી એ ગુ. ર. નં.–૦૬૬૮/૨૦૨૨ ઈ. પી.કો કલમ ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨) મુજબ ગુનો રજી. કરી તેની તપાસ મૌખિક સુચનાથી તેઓને સોપવામાં આવેલ. સદર કામે ફરીયાદીની ફરીયાદ જોતા તેઓ જે તે સમયે એમ.જી.વી.સી. એલ. કંપનીમાં ફરજ બજાવતા હતા અને જેમાં વીજ કંપનીના નાણા બાકી હોય તેની નોટીસની બજવણી થતા આ તકરાર થયેલ. જેમા સરકારી કામકાજમાં અડચણ ઉભી થયેલ. સદર કામની તપાસ તેઓ કરી રહેલ હતા તે સમયે તેમની બદલી હાલોલ મુકામે થતા આગળની તપાસ પોસઇ શ્રી ડી. એચ. રાઠોડ નાઓને સુપ્રત કરેલ. જેઓએ આગળની તપાસ કરેલ.

આરોપી પક્ષે લેવામા આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ આ કામે કોઇ તપાસ કરેલ નથી અને ફરીયાદીએ ફરીયાદમા આઇ. પી. સી કલમ ૧૮૬ મુજબના ગુનાના આક્ષેપો કરેલા છે અને ફરીયાદ દાખલ કરતા પહેલા ફરીયાદીએ ડીસ્ટ્રીકટ મેજી. ની પુર્વ મંજુરી લીધેલ હોય તેવુ બનેલ નથી અને તેમની પાસે તપાસ હતી તે દરમ્યાન તેઓએ કોઇ સાહેદોના નિવેદન નોંધેલ નથી.

**૨૦.** આ કામમાં રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો વંચાણે લીધુ. ઉભયપક્ષની દલીલો સાંભળી ધ્યાને લીધી. સદર કામે આરોપી પક્ષે એવો બચાવ લીધેલ છે કે, હાલના કેસમાં આરોપીની સામે દાખલ કરવામાં આવેલ કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૩ મુજબના ચાર્જશીટના આધારે નામદાર અદાલતે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૬ ના ગુનાનુ સંજ્ઞાન લીધેલ છે અને તે રીતેના તહોમતનામું પણ ફરમાવેલ હોય, તેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨–ડી મુજબની આ કામમાં કોઇ ફરીયાદ ના હોય, હાલની કાર્યવાહી પહેલે થી જ ચાલવને પાત્ર નથી.

આરોપી પક્ષના ઉપરોકત બચાવને સબંધે આ કેસનુ રેકર્ડ ધ્યાને લેતા નીચે મુજબની હકીકતો નિર્વિવાદીત છે.

**<u>નિર્વિવાદીત હકીકતો :–</u>**

રજુ કરવામાં આવેલ પુરાવો જોતાં **<u>નીચેની હકીકતો નિર્વિવાદ પણે</u>** ફલીત થાય છે.

(૧) આ કામના ફરીયાદી સરફરાજ મોહંમદ સુરતી બનાવના દિવસે રાજય સેવક તરીકે એમ.જી.વી.સી.એલ. ઓફીસમાં કાર્યરત હતા.

ભારતીય દંડ સંહિતાની કલમ –૨૨ માં જાહેર સેવકની જે વ્યાખ્યા કરવામાં આવેલ છે તે રીતેના તેઓ જાહેર સેવક હતા.

(૨) ફરીયાદી રાજય સેવક તરીકેની ફરજની બજવણીના ભાગરૂપે પોતાની કામગીરીની ફરજ પર હતા.

(૩) ફરીયાદીએ આંક–૧૦ વાળી ફરીયાદ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી સમક્ષ પોલીસ સ્ટેશનમાં આપેલ છે, એટલે કે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨–ડી મુજબની ફરીયાદ નથી.

(૪) પોલીસ દ્રારા તપાસના અંગે પોલીસ રીપોર્ટ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ –૨ –આર મુજબનો ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૭૩/૨ મુજબનો રજુ કરેલ છે.

**૨૧.** ઉભયપક્ષોએ કાયદાના મુદ્દા પરત્વે કરેલી દલીલની વિચારણા કરતા પહેલા સંબંધીત જોગવાઇઓ જોવી જરૂરી જણાય છે.

**<u>ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ –૧૯૫(૧)</u>** વંચાણે લેવામાં આવે તો :–

(૧) કોઇ પણ કોર્ટ :–

(ક) સંબંધીત રાજય સેવકની અથવા તે વહીવટી હેતુઓ માટે જેની સત્તા નીચે હોય તે બીજા કોઇ **રાજય સેવકની લેખિતી ફરીયાદ** સિવાય :–

(૧) ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૧૭૨ થી ૧૮૮ (બંને સહિત) હેઠળ શિક્ષાને પાત્ર ગુનાની અથવા

(૨) એવા ગુનાના દુષ્પ્રેરણની અથવા તે કરવાની કોશીષની અથવા

(૩) એવો ગુનો કરવા માટેના ગુનાહીત કાવતરાની ........... વિચારણા કરી શકશે નહી.

**<u>જયારે '' ફરીયાદ '' કોને કહેવાય</u>** તે અંગેની જોગવાઇ કરવામા આવેલ છે તેને લક્ષમાં લેવામાં આવે તો ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ –૨ ડી વંચાણે લેતા :–

ફરીયાદ એટલે કોઇ જ્ઞાત અગર તો અજ્ઞાત વ્યકિતએ અમુક ગુનો કર્યો છે એવો મેજીસ્ટ્રેટને આ અધિનિયમ હેઠળ તેમને પગલા લેવા માટે કરાયેલ મૌખિક કે લેખિત આક્ષેપ, પરંતુ તેમા પોલીસ રીપોર્ટનો સમાવેશ થતો નથી.

**સ્પષ્ટીકરણ :–** પોલીસ તપાસ પછી પોલીસ અધિકાર બહારનો ગુનો થયેલો જણાય તે કેસમાં પોલીસ અધિકારીએ કરેલ રીપોર્ટ '' ફરીયાદ ગણાશે અને તે રીપોર્ટ '' કરનાર પોલીસ અધિકારી ફરીયાદી ગણાશે.

**તેમજ '' પોલીસ રીપોર્ટ '' કોને કહેવાય** તે અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે તે લક્ષમાં લેવામાં આવે તો ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨–આર વંચાણે લેતા :–

'' પોલીસ રીપોર્ટ '' એટલે કલમ ૧૭૩ ની પેટા કલમ (૨) હેઠળ મેજીસ્ટ્રેટને પોલીસ અધિકારીએ મોકલેલ રીપોર્ટ.

આમ, કાર્યવાહી શરૂ કરવા માટેની જરૂરી શરતો ફોજદારી કાર્યરીતી અધિનિયમના પ્રકરણ ૧૪– કલમ ૧૯૫(૧) માં દર્શાવવામાં આવેલ છે તેને લક્ષમાં લેવામાં આવે તો ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૬ ના ગુનાનું સંજ્ઞાન માત્ર ને માત્ર ફરીયાદ પર થી જ લઈ શકાય છે. પોલીસ રીપોર્ટનો ફરીયાદમાં સમાવેશ થતો નથી.

**૨૨.** આમ, ઉપરોકત નિર્વિવાદીત બાબતોને લક્ષમાં લેતા તેમજ કાયદાની ઉપરોકત કરવામાં આવેલી જોગવાઇઓને લક્ષમાં લેતા તે હકીકત સ્પષ્ટ છે કે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૬ ના ગુનાનું સંજ્ઞાન માત્ર ને માત્ર ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨–ડી માં કરવામાં આવેલી ફરીયાદની વ્યાખ્યાના આધારે ફરીયાદના આધારે જ લઈ શકાય છે. પોલીસ તપાસના અંતે ચાર્જશીટ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૭૩ મુજબનું કરવામાં આવેલ હોય તેનો સમાવેશ '' ફરીયાદ '' માં થતો નથી તેવા સંજોગોમાં હાલની કાર્યવાહી ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૯૫(૧) અન્વયે બાધીત બને છે, મારા મત અનુસાર જયારે કાર્યવાહીનુ સંજ્ઞાન જ બાધીત બનતું હોય ત્યારે ગુણદોષની ઉપરની ચર્ચા વ્યર્થ બને છે.

આ કામે કાયદાના મુદા પર જ કાર્યવાહી ચાલવાને પાત્ર ના હોય, તપાસનીશ અધિકારી દ્વારા પણ આ સંબંધેની કોઇ જ દરકાર લેવામાં આવેલ ના હોય, તેમજ પોલીસ અધિકારીઓ કાયદાની સદર જોગવાઇ થી માહીતગાર ના હોય તેવું માની શકાય તેમ ના હોય,

તપાસનીશ અધિકારીએ પણ ફરીયાદીને કોર્ટમાં ફરીયાદ કરવા જણાવેલ હોય તેમ રેકર્ડ ઉપર થી જણાઈ આવતું ના હોય, તેવા સંજોગોમાં આ ફરીયાદ કાયદાના મુદ્દા પરત્વે જ ચાલી શકે તેમ નથી.

આમ, આ કામે ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામા આવેલ ફરીયાદને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૧૯૫(૧)(ક)(૧) નો બાધ નડતો હોય, જેથી મુદ્દા નં. (૧) નો જવાબ હકારમાં આપવામાં આવે છે અને ન્યાયના વિશાળ હીતમાં મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) આ કામના આરોપી નૌસાદ ઉર્ફે ખાલીદ યાકુબભાઈ કમલી,રહે. ગોધરા, બેઠક મંદિર રક્ષણ રોડ, તા. ગોધરા, જિ. પંચમહાલનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૮(૧) અન્વયે ઇ.પી.કોડની કલમ ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂા. ૫,૦૦૦/–( અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નાં જામીન અપીલ પીરીયડ સુધીના આપવા.

હુકમ આજરોજ **તા. ૯, માહે– એપ્રિલ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૯/૪/૨૦૨૬
ગોધરા

(ધર્મેશ સી.જાની)
પ્રિન્સીપાલ સીની.સિવિલ જજ અને
એડી.ચીફ.જયુ.મેજી.,ગોધરા.
**GJ01022**

(આર.એ.શર્મા)